# શ્રી આત્માનંદ પ્રકાશ



શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ભાવનગર - ૩૬૪૦૦૧.

આત્મ સંવત : ૧૦૩

વીર સંવત : ૨૫૨૫

વિક્રમ સંવત : ૨૦૫૫

પુસ્તક : ૯૬

સને : નવે. ૯૮થી
ઓકટો. ૯૯

# શ્રી આત્માનંદ પ્રકાશ
# SHREE ATMANAND PRAKASH




પુસ્તક : ૯૬ ✠ અંક ૧-૨

કારતક-માગશર
નવેમ્બર-ડીસેમ્બર : ૯૮

✠ આત્મ સંવત : ૧૦૩ ✠
✠
✠ વીર સંવત : ૨૫૨૫ ✠
✠
✠ વિક્રમ સંવત : ૨૦૫૫ ✠


इत्थं स्याद् बहुमूल्यस्य वैयर्थ्यं नरजन्मनः ।
परत्र बहुदुःखा च दूर्गतिः पापकर्मभिः ।।

આ રીતે મોહની દુનિયામાં રખડવાથી મહામૂલ્ય માનવજીવન એળે જાય છે
અને પરલોકમાં પાપકર્મોના પરિણામે
બહુ દુઃખવાળી દુર્ગતિ પ્રાપ્ત થાય છે.

Thus the precious human birth is wasted
and in consequence of one's sinful actions
one has to fall in to a miserable
bad grade in the next world.

(કલ્યાણભારતી : ગાથા-૫ * પૃષ્ઠ ૪૧)

## અ...નુ...ક્ર...મ...ણિ...કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શ્રી પાર્શ્વ જિન કલ્યાણક સ્તવન | મુનિ શ્રી રમ્યદર્શનવિજયજી મ. સા. | ૧ |
| (૨) | નૂતન વર્ષના મંગલ પ્રભાતે.... | શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ | ૨ |
| (૩) | સમાજોદ્ધારકનો મૂળ મંત્ર (હપ્તો ૪ થો-ગતાંકથી ચાલુ) | ડો. કુમારપાળ દેસાઈ | ૫ |
| (૪) | પૂ. શ્રી જંબૂવિજયજી મ. સાહેબના વ્યાખ્યાનો (હપ્તો ૧૦ મો-ગતાંકથી ચાલુ) | — | ૯ |
| (૫) | શ્રી શત્રુંજયની હારમાળામાં "કદંબગિરિ" તીર્થનો મહિમા | હિંમતલાલ શાહ | ૧૨ |
| (૬) | પ. પૂ. પંન્યાસ શ્રી અભયસાગરજી મ. સાહેબના અજબ અનુભવો | પૂ ગણિ. શ્રી મહાયશસાગરજી મ. | ૧૪ |
| (૭) | સાભાર સ્વીકાર | (સભાને ભેટ મળેલા પુસ્તકોની યાદી) | ૧૬ |
| (૮) | નિષ્ઠા ચૂકે તે નરાધમ | શ્રી લક્ષ્મીચંદભાઈ છ. સંઘવી | ટાઇટલ ૨-૩ |


આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી

**શ્રી રમેશભાઈ વિનયચંદ શાહ—ભાવનગર**

**(મધુ સીલીકા પ્રા. લિ.વાળા)**

**શ્રી કાંતિલાલ ખીમચંદભાઈ પારેખ—ભાવનગર**

**(કંચન સીલેકશનવાળા)**

આ સભાના નવા આજીવન સભ્યશ્રી

**શ્રી લતાબેન ઘનશ્યામભાઈ કામદાર—ભાવનગર**

**શ્રી મુકેશકુમાર અમૃતલાલ સરવૈયા—ભાવનગર**

## નિષ્ઠા ચૂકે તે નરાધમ

કાળનો કોરડો વિંઝાય ત્યારે કાળો કેર વર્તાય છે. એમાંય આ તો દુકાળ!

દુકાળના દિવસોમાં દુર્બુદ્ધિની દાનત સડી જાય અને સદ્બુદ્ધિને સદ્ભાવનાની દિશા જડી જાય.

એક વખત દેશમાં ગોઝારું વરસ બેઠું. આખું ચોમાસું સાવ કોરું વીત્યું.

બીજા વર્ષે સૌને વર્ષાની આશા હતી, પણ એ ના ફળી.

વરસાદ વગર વસુંધરા વસુકાઈ જવા લાગી, ધાન્યનો કણ મોતીમૂલો થવા લાગ્યો. લુચ્ચા વેપારીઓએ પળને પારખી લીધી. અનાજનાં ગોદામો છલકાતાં હોવા છતાં દુકાળની વેળા જોઈને વેપારીઓએ એના ભાવ દસ ગણા કરી નાખ્યા.

રાજ્યના સુલતાન પાસે આ વાત પહોંચી. સુલતાનને થયું, 'અરેરે! વેપારીઓ માનવતા ય વિસરી ગયા? પોતાનો ધર્મ પણ એમણે નેવે મૂકયો? જો આમ જ હોય તો એવા લુચ્ચા વેપારીઓને સબક શીખવવો જ જોઈએ!'

(અનુસંધાન ટાઇટલ પેઇજ ૩ ઉપર)

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ


## શ્રી પાર્શ્વ જિન કલ્યાણક સ્તવન

(રાગ–વીરકુંવરની વાતલડી....હાલરડું....)

પારસનાથની ભગતિ અમે સહુ કરીએ રે....
સહુ કરીએ રે....સહુ કરીએ....
કરીએ તો ભવજલ તરીએ, હાં રે વામાનંદન પાસ. ૧

વારાણસીમાં જનમીયા પ્રભુ પાસ, એ તો ક્ષત્રિયકુળ મોઝાર;
માતા વામાદેવીના નંદ, હાં રે અશ્વસેન કુલ ચંદ ૨

અદ્ભુત જ્ઞાની પ્રભુ બાલવયમાં, હર્યો કમઠ માન એક પળમાં;
પાવકથી ઉગાર્યો એક નાગ, હાં રે કર્યો સુરપતિતાસ. ૩

જબ યૌવનવય પ્રભુ આવે, પ્રભાવતી સંગ પરણાવે;
રોગપરે ભોગને ભોગવે, હાં રે સંયમે ચિત્ત લાય. ૪

ધર્મ પ્રવર્તાવો પ્રભુ પાસ, ભવિલોક ને મારગ દાખ;
એમ લૌકાંતિક દેવ આસ, હાં રે કરો જગ ઉદ્ધાર. ૫

તવ વરસીદાન પ્રભુ આપે, દારિદ્ર દુઃખને કાપે;
દાન ગ્રાહક ભવ્ય કહાવે, હાં રે ટળે ભવસંતાપ. ૬

પોષ વદિ એકાદશી આવે, સુર–નર કોડી મળી આવે;
તવ દીક્ષા લીયે પ્રભુ રંગે, હાં રે ઉપન્યું ચોથું જ્ઞાન ૭

વિધવિધ ઉપસર્ગોને સહતાં, પરિષહ માળા ને ખમતાં;
તવ ઉપજે કેવલજ્ઞાન, હાં રે લોકાલોક પ્રકાશ. ૮

દેશદેશમાં પ્રભુજી વિચરતાં, ત્રિગડે ધર્મદેશના દેતાં;
તીર્થ સ્થાપી ભવિને રીઝતાં, હાં રે કર્યો જગ ઉદ્ધાર. ૯

શત પૂર્ણ આયુષ્યને પાળી, સવિ કર્મ મલને બાળી;
મળી શિવસુંદરી સહજમાં, હાં રે પામ્યા આતમ સ્વરૂપ. ૧૦

શંખેશ્વર પાસ તીરથમાં, સૂરિ રામચંદ્ર સામ્રાજ્યમાં;
સૂરિ મહોદયની નિશ્રામાં, હાં રે રમ્યદર્શન ગુણ ગાય. ૧૧


: રચયિતા :
મુનિ શ્રી રમ્યદર્શન વિજયજી
મ. સા.

# નૂતન વર્ષના મંગલ પ્રભાતે....

**શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ-પ્રમુખ**

" શ્રી આત્માનંદ પ્રકાશ " માસિક ૯૫ વર્ષ પુરા કરી ૯૬માં વર્ષમાં પ્રવેશ કરે છે તથા શ્રી જૈન આત્માનંદ સભા એકસો બે વર્ષ પુરા કરી એકસો ત્રણમાં વર્ષમાં પ્રવેશ કરે છે, જે આપણા સર્વને માટે આનંદ તેમજ ગૌરવ અપાવે તેવું છે.

" શ્રી આત્માનંદ પ્રકાશ" આત્મજ્ઞાનની સુગંધ ફેલાવતું સદ્જીવન અને સદ્વિચાર અર્થે જ્ઞાન પ્રગટાવતું પ્રગતિ કરી રહ્યું છે.

અમો માસિકમાં વિદ્વાન પૂ. ગુરુ ભગવંત-શ્રીઓના લેખો, જૈન ધર્મના તત્વજ્ઞાનના લેખો, વિદ્વાન ભાઇઓ તથા બહેનો તેમજ પ્રાધ્યાપકો તરફથી આવેલા લેખો, સ્તવનો, પ્રાર્થના ગીતો, જૈન સાહિત્ય અને ઇતિહાસના લેખો, ભક્તિ-ભાવના લેખો તથા ભાવનગરમાં ચાતુર્માસ પધારેલ પ. પૂ. ગુરુ ભગવંતોની શુભ નિશ્રામાં ઉજવાયેલ ધાર્મિક કાર્યો, આરાધનાઓ, ધાર્મિક મહોત્સવો વિગેરેની માહિતી સમયાનુસાર પ્રગટ કરીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા થતી અન્ય પ્રવૃત્તિઓ તરફ જરા નજર કરીએ ...

શ્રી જૈન આત્માનંદ સભા જૈન સાહિત્ય તેમજ ભારતીય સમગ્ર દાર્શનિક સાહિત્યના પ્રકાશન ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. આગમ સંશોધક પ. પૂ. વિદ્વાન મુનિ શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે અથાગ પરિશ્રમ ઉઠાવીને સંશોધન કરેલ અને સંપાદિત કરેલ " શ્રી દ્વાદૃશારં નયચક્રમ્ "ના ત્રણ ભાગોનું આપણી સભાએ પ્રકાશન કરેલ છે, જેની દેશ-પરદેશમાં જાપાન, જર્મની, ઓસ્ટ્રીયા, અમેરિકા વિગેરે દેશોમાં સારી માંગ છે. તેમાં પહેલા ભાગનું ( પુનઃ મુદ્રણ ) ગઇ સાલ શતાબ્દી વર્ષમાં કરેલ હતું અને તેનો વિમોચન સમારંભ શંખેશ્વર મુકામે આગમપ્રજ્ઞ પૂ. મુનિ શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ આદિ ઠાણાની શુભ નિશ્રામાં કરવામાં આવ્યો હતો.

આપણી સભાએ ૧૦૧માં વર્ષમાં પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય નયપ્રભસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી 'શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર )'નું પ્રકાશન કરેલ છે. પરમ પૂજ્ય શાસન દીપક આ. શ્રી વિજય નયપ્રભસૂરીશ્વરજી મ. સા., યુવા મુનિરાજ શ્રી જયપ્રભવિજયજી મ. સા. આદિ ઠાણા-૪ તથા મુનિપ્રવર શ્રી કંચનસાગરજી મ. સા., પૂ. પ્રવર્તક શ્રી હરી-ભદ્રવિજયજી મ.સા., મુનિ શ્રી વિશ્વાનંદવિજયજી મ. સા. આદિ સાધુ-સાધ્વીજી ભગવંતોની શુભ નિશ્રામાં થાણા મુકામે નયનરમ્ય શ્રી મુનિસુવ્રત-સ્વામી જિનાલયના વિશાળ હોલમાં ગત તા. ૧-૨-૧૯૯૮ ને રવિવારના રોજ " શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર) "નો શાનદાર વિમોચન સમારોહ રાખવામાં આવ્યો હતો. આ ગ્રંથનું વિમોચન જાણીતા સમાજસેવક શ્રી રાજેન્દ્રરાજજી મોતીલાલજી લોઢાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. શ્રી ઉમેદમલજી પૂનમચંદજી સાકરીયા ( અધ્યક્ષ : હિન્દુસ્તાન ચેમ્બર ઓફ કોમર્સ )એ દીપ પ્રગટાવી વિમોચન સમારોહની શરૂઆત કરી હતી.

આ વિમોચન સમારોહ પ્રસંગે શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગરના પ્રમુખ શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ, મંત્રીઓ શ્રી હિંમતલાલ અનોપચંદ-મોતીવાળા તથા શ્રી ચીમનલાલ ખીમચંદ શેઠ, આ ગ્રંથના લેખિકા ડો. પ્રફૂલ્લાબેન વોરા, કારોબારીના સભ્યશ્રીઓ

શ્રી નટવરલાલ પ્રભુદાસ શાહ, શ્રી ભાસ્કરરાય વૃજલાલ વકીલ તથા સભાના મેનેજર શ્રી મુકેશકુમાર એ. સરવૈયા તેમજ મુંબઇ સ્થિત સભાના ભૂતપૂર્વ ઉપ – પ્રમુખશ્રી રાયચંદ મગનલાલ શાહ તથા અન્ય સભ્યશ્રીઓએ ઉપસ્થિત રહી આ સમારંભને યાદગાર બનાવ્યો હતો.

ગ્રંથના વિમોચન બાદ શ્રી રાજેન્દ્રરાજજીએ આ ગ્રંથ પાછળ લીધેલ મહેનત તથા આ ગ્રંથની વિશેષ માહિતી આપી આ કાર્યની અનુમોદના કરી હતી.

આ સભા પોતાની માલિકીના મકાનમાં "જાહેર ફ્રી વાચનાલય" ચલાવે છે. સ્થાનિક ભાવનગર અને રાજકોટ, અમદાવાદ તેમજ મુંબઈના દૈનિક વર્તમાનપત્રો–વ્યાપારને લગતા અઠવાડિક અંકો તથા જૈન ધર્મના બહાર પડતા વિવિધ અઠવાડિકો, માસિકો વાચન અર્થે મુકવામાં આવે છે, જેનો જૈન–જૈનેતર ભાઈઓ બહોળા પ્રમાણમાં લાભ લઇ રહ્યા છે.

આ સભા સારી લાઇબ્રેરી પણ ચલાવે છે, જેની અંદર પ્રતો, જૈન ધર્મના પુસ્તકો, સંસ્કૃત, પ્રાકૃત પુસ્તકો, વ્યાકરણના પુસ્તકો, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી પુસ્તકો તેમજ નોવેલોનો સમાવેશ થાય છે. આ પુસ્તકોનો પ. પૂ. ગુરૂભગવંતો અને સાધ્વીજી મહારાજ સાહેબો પણ ચાતુર્માસ દરમ્યાન જ્ઞાનાભ્યાસ તેમજ વ્યાખ્યાન સમયે પ્રવચનાર્થે સારા પ્રમાણમાં ઉપયોગ કરે છે. જૈન તેમજ જૈનેતર ભાઈ–બહેનો પણ સારા પ્રમાણમાં આ લાઇબ્રેરીનો ઉપયોગ કરી રહ્યા છે.

## ધાર્મિક પ્રવૃત્તિઓ :

(૧) સંવત ૨૦૫૪ના ફાગણ વદ ૯ ને રવિવાર તા. ૨૨–૩–૯૮ના રોજ ઘોઘા–શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાન, તળાજા – શ્રી તાલધ્વજ ગિરિરાજ, શત્રુંજય ડેમ, હસ્તગિરિ, પાલીતાણા–તલાટી તથા કીર્તિધામ (પીપરલા)નો યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો. સભાના સભ્યશ્રી ભાઈ–બહેનો તથા મહેમાનો સારી એવી સંખ્યામાં આ યાત્રા પ્રવાસમાં જોડાયા હતા અને આ યાત્રા પ્રવાસ ઘણાજ આનંદ, ઉત્સાહ અને ધાર્મિક ભાવનાઓ સહ પરિપૂર્ણ થયો હતો.

(૨) સંવત ૨૦૫૪ના જેઠ વદ ૧૨ ને રવિવાર તા. ૨૧–૬–૯૮ના રોજ ઘોઘા, તળાજા, દાઠા, મહુવા આદિનો યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો. ઘોઘા, તળાજા, દાઠા સેવા–પૂજા તથા દર્શનનો લ્હાવો સર્વેએ લીધો હતો. સભાના સભ્ય શ્રી ભાઇ–બહેનો તથા મહેમાનોએ સારી એવી સંખ્યામાં આ યાત્રા પ્રવાસનો લાભ લીધો હતો.

## અન્ય પ્રવૃત્તિઓ :

(૧) સંવત ૨૦૫૪ના કારતક શુદ એકમના રોજ નૂતન વર્ષના પ્રારંભની ખુશાલીમાં મંગલમય પ્રભાતે સભાનું સ્નેહ મિલન રાખવામાં આવેલ, જેમાં કેસરી દૂધની પાર્ટીનું આયોજન કરવામાં આવેલ.

(૨) સંવત ૨૦૫૪ના કારતક સુદ ૫ (જ્ઞાન પંચમી) ના રોજ સભાના વિશાળ લાઇબ્રેરી હોલમાં સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણી ભારે જહેમતપૂર્વક કરવામાં આવી હતી. સવારના છ વાગ્યાથી રાત્રિના નવ દરમ્યાન અનેક સાધુ–સાધ્વીજી ભગવંતો, સકલ શ્રી સંઘના શ્રાવક–શ્રાવિકાઓ તથા નાના બાલક–બાલિકાઓએ હોંશપૂર્વક નિહાળી દર્શન–વંદનનો લાભ લીધો હતો. ઘણા બાળકોએ કાગળ–કલમ લાવી જ્ઞાનની પૂજા ભક્તિભાવપૂર્વક કરી હતી.

(૩) તા. ૧૬–૮–૯૮ના રોજ સભાના વિશાળ ભોગીલાલ લેક્ચર હોલમાં ન્યુ એસ. એસ. સી. ૧૯૯૮ની વાર્ષિક પરીક્ષામાં સંસ્કૃત

વિષયમાં ૮૦ કે તેથી વધુ માર્ક્સ મેળવનાર વિદ્યાર્થી ભાઇ-બહેનોને ઇનામ ( પારિતોષિક ) અર્પણ કરવાનો તેમજ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અર્પણ કરવાનો એક બહુમાન સમારંભ યોજવામાં આવ્યો હતો. સંસ્કૃત વિષયમાં ૮૦થી વધુ માર્ક્સ મેળવનાર ૨૬ વિદ્યાર્થી ભાઇ-બહેનોને માર્ક્સ અનુસાર ઇનામો આપવામાં આવેલ તેમજ કોલેજમાં અભ્યાસ કરતાં ૧૭ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવેલ.

સભા દ્વારા પ્રકાશિત કરેલા ધાર્મિક ગ્રંથો ( ગુજરાતી તેમજ સંસ્કૃત )નું સભા વેચાણ કરે છે તથા પ. પૂ. મહારાજ સાહેબો, પૂ. સાધ્વીજી મહારાજો તેમજ જ્ઞાન ભંડારોને ભેટ પણ આપે છે.

સંવત ૨૦૫૪માં ૧૨ પેટ્રન તથા ૨૬ આજીવન સભ્યો નવા થયા છે.

આ સભાની પ્રગતિમાં પ. પૂ. ગુરુ ભગવંતો, પ. પૂ. સાધ્વીજી મહારાજો, વિદ્વાન લેખક-લેખિકાઓ, પેટ્રનશ્રીઓ તથા આજીવન સભ્યશ્રીઓએ જે સાથ સહકાર આપેલ છે તે સર્વેનો ખૂબ-ખૂબ આભાર માનવામાં આવે છે.

આપ સર્વેનું આ નૂતન વર્ષ આનંદ-ઉલ્લાસ અને ભક્તિભાવપૂર્વક પરિપૂર્ણ થાઓ તેવી પ્રાર્થના સહ શુભેચ્છા પાઠવીએ છીએ.

卐

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા**

## જ્ઞાન પંચમી મહોત્સવની ઉજવણી

**શ્રી જૈન આત્માનંદ સભા**-ભાવનગર દ્વારા પ્રતિવર્ષ મુજબ આ વર્ષે પણ સંવત ૨૦૫૫ના કારતક શુદ-૫ ( જ્ઞાન પંચમી ) ને રવિવાર તા. ૨૬-૧૦-૯૮ના રોજ સભાના વિશાળ લાયબ્રેરી હોલમાં સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણી લાઇટ ડેકોરેશનપૂર્વક સભાના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

જ્ઞાન પંચમીના આ પાવન પર્વે વહેલી સવારના છ વાગ્યાથી રાત્રિના નવ દરમ્યાન અનેક સાધુ-સાધ્વીજી ભગવંતો, સકળ શ્રી સંઘના ભાવિક શ્રાવક-શ્રાવિકાઓ તથા નાના ભુલકાઓએ હોંશપૂર્વક દર્શન-વંદનનો અમૂલ્ય લ્હાવો લીધો હતો.

ઘણા બાલક-બાલિકાઓએ કાગળ-કલમ આદિ સાથે લાવી શ્રદ્ધાપૂર્વક જ્ઞાનની પૂજા-ભક્તિ કરી હતી.

સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણીના દર્શનાર્થે પધારનાર વિશાળ ભાવિક ભક્તોનો અવિરત પ્રવાહ નિહાળી ટ્રસ્ટીગણે ઊંડી આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

સભાના માજી મંત્રી શ્રી કાંતિલાલ આર. સલોત દ્વારા દર્શનાર્થીઓને નવા વર્ષના પોકેટ પંચાંગની પ્રભાવના કરવામાં આવી હતી.

લી. **શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર**

# સમાજોદ્ધારકનો મૂળ મંત્ર

( હપ્તો ૪ થો)

અનુ. લેખક : ડૉ. કુમારપાળ દેસાઈ

( ગતાંકથી ચાલુ )

યુગદર્શી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ.સા.ના વિચારોએ ચીલાચાલુ સમાજને એક નવું દર્શન આપ્યું હતું. અહીં એક વિકટ સમસ્યા પર એમણે વેધક પ્રકાશ પાડ્યો છે. આ લેખ યુગદર્શી આચાર્યશ્રીની વ્યાપક દૃષ્ટિ અને સમસ્યાના વાસ્તવિક ઉકેલ માટેનું દર્શન પૂરું પાડે છે. હિંદીમાં અપાયેલા એમના આ વક્તવ્યોનો જાણીતા લેખક ડૉ. કુમારપાળ દેસાઈએ અનુવાદ કર્યો છે. આ વિચારોનું તલસ્પર્શી અવગાહન કરવા વાચકોને વિનંતી છે.

પાંચસો ઘરની વસ્તીવાળા એક ગામમાં તમામ જ્ઞાતિના લોકો વસતા હતા. બધા જ પોતપોતાની આજીવિકાના કામમાં ડૂબેલા રહેતા હતા. ગામની ઉન્નતિ, સુરક્ષા કે વ્યવસ્થાની કોઈને ખાસ ચિંતા ન હતી. સહુ પોતપોતાના તુચ્છ સ્વાર્થમાં રત હતા. કોઈ વિશિષ્ટ પ્રસંગે પણ કોઈ કોઈને મદદરૂપ થતા નહોતા. ચાર ડાકુઓની 'એક ટુકડીએ એક વાર ગ્રામજનોને ચેતવણી આપી ...

"અમે અમુક દિવસે તમારા ગામ પર હલ્લો કરશું અને લૂંટ ચલાવીશું".

આ સમાચાર સાંભળીને ગ્રામજનોમાં ખળભળાટ મચી ગયો, પરંતુ તેઓ તરત જ એક સ્થળે એકઠા થઈને તેના ઉપાયનો વિચાર કરી શકયા નહીં. ગામના ધનવાનો આખો દિવસ એકેએક માણસને મળીને સહુને એક જગ્યાએ ભેગા થવા માટે વિનંતીઓ કરવા લાગ્યા, ત્યારે માંડ થોડાક લોકો ભેગા થયા. અંગત સ્વાર્થી લોકોએ જુસ્સાદાર ભાષણ આપીને ગામના યુવકોને ડાકુઓનો સામનો કરવા માટે તૈયાર કર્યા અને બધા નવજુવાનોને હથિયાર પણ આપી દીધા. કમર કસીને હથિયારોથી સજ્જ થઈને લગભગ એકસો યુવકો સમીસાંજે ગામની સીમમાં ડેરા નાખીને ક્રમ પ્રમાણે બેસી ગયા.

બધાએ વિચાર્યું "ડાકુઓ આવશે તો આ જ રસ્તે. અમે વારાફરતી ચોકી કરીશું".

આઠ-આઠ યુવકોની ટુકડીએ એક-એક કલાક વારાફરતી પહેરો ભરવાનું નક્કી કર્યું. યુવકોનો પડાવ તો ગામથી ઘણો દૂર હતો, પરંતુ જે આગળની ટુકડીની ચોકી કરવાનો વારો હોય તે એમ જ વિચારતા, "મિત્રો, આપણે શા માટે આગળ રહીને વ્યર્થ આપણા પ્રાણ ગુમાવીએ! આગળ રહીશું તો ડાકુઓ સૌથી પહેલાં આપણી ઉપર જ હુમલો કરશે". આથી સૌથી પહેલી અને સૌથી આગળની ટુકડી છેક પાછળ ગામના સીમાડે આવીને ઊંઘી ગઈ. તેના પછીની ટુકડીને પણ એવો જ તુચ્છ અને સ્વાર્થી વિચાર આવ્યો. તે ટુકડી પણ સૌથી પાછળ આવીને સૂઈ ગઈ.

આમ ક્રમશઃ આઠેય ટુકડીઓએ કર્યું. સવાર થતામાં તો તે બધા યુવકો ગામની અંદર ઘુસી ગયા. ડાકુઓની ટુકડીએ લાગ જોઈને સવાર થતાં હુમલો કર્યો બધા ચોકીદારો

ઘસઘસાટ ઊંઘતા હતા. ડાકુઓએ આખા ગામને લૂંટી લીધું અને જેમણે એમનો સામનો કર્યો તેમને મારપીટ કરી તથા કેટલાકને મારી પણ નાખ્યા. ડાકુ પોતાનું કામ કરીને ભાગી છૂટ્યા. જ્યારે યુવાન ચોકીદારો ઊઠ્યા, ત્યારે ગામમાં ધમાલ મચેલી હતી. યુવકોને સમજાઇ ગયું કે “અમારી બેદરકારી અને સ્વાર્થાંધતાને કારણે જ આમ થયું છે, નહીંતર માત્ર ચાર ડાકુઓ અમારા આખા ગામને શી રીતે લૂંટી જાય ? ” પણ સમય વીતી ગયા પછી થાય શું ?

સ્વકેન્દ્રી સ્વાર્થી લોકોના સ્વાર્થીપણાથી આખા સમાજે નુકશાન વેઠ્યું. આથી સમાજના ઉદ્ધાર માટે સહયોગ આવશ્યક તત્ત્વ છે. સહયોગરૂપી સ્થંભ વિના સમાજરૂપી મહેલ ટકી શકતો નથી.

આપણા શરીરના અવયવોમાં પરસ્પર કેટલો બધો સહયોગ છે ! જો પગમાં કાંટો વાગે તો આંખ તેને જોવા આતુર બની જાય છે. પગમાં વધારે પીડા થાય તો આંખમાંથી આંસુ વહે છે, હાથ એ કાંટાને કાઢવાનો પ્રયત્ન કરે છે અને જીભ બીજી વ્યક્તિને કાંટો કાઢવામાં સહાયરૂપ થવાનું કહેશે. મસ્તક એ વિચાર કરશે કે કેવી રીતે એ કાંટો જલદીમાં જલદી નીકળી શકે. કાન કાંટાનો અવાજ સાંભળીને બીજા પાસેથી તેને કાઢવાની રીત સાંભળવામાં લાગી જશે. આમ પ્રત્યેક અવયવ પોતપોતાની યોગ્યતા અનુસાર કાંટો કાઢવાના કામમાં સહયોગ આપવા લાગી જશે.

આ રીતે સમાજમાં વિવિધ પ્રકારની શક્તિ ધરાવનારા લોકોએ પરસ્પર સહયોગ માટે અને સમાજ પર કોઇ આપત્તિ આવી પડે તો એકમત થઈને તેને હટાવવામાં લાગી જવું જોઇએ. આમ થાય ત્યારે જ સમાજના ઉદ્ધારનું કાર્ય દીપી ઊઠશે.

**( ૫ ) યોગ્યને યોગ્ય કામમાં લગાવવા :**

સમાજમાં હોદ્દો, વ્યવસ્થા અને કાર્યોમાં યોગ્ય વ્યક્તિને નિમવાથી સામાજિક સુખ–શાંતિ અને વ્યવસ્થા ટકી રહે છે. અયોગ્ય વ્યક્તિની કોઇ પદ, કાર્ય કે વ્યવસ્થા માટે નિમણૂંક કરવામાં આવે તો સઘળી વ્યવસ્થા અને સુખ–શાંતિ ખતમ થઈ જાય છે. અયોગ્ય વ્યક્તિ યોગ્ય રીતે વિધિપૂર્વક કામ કરી શકતી નથી, તેથી જનસામાન્યમાં સામાજિક કામનો અસંતોષ પેદા થાય છે અને કવચિત્ આ અસંતોષનું પરિણામ બળવામાં પણ આવે છે. આથી ‘ योग्य योग्येन योजयेत् ’ આ મંત્ર સમાજની ઉન્નતિ માટે બહુ આવશ્યક છે. સંસ્કૃત ભાષામાં એક કહેવત છે કે—

नहि वारणपर्याणं वोढुं शक्तगे वनायुजः ।

“હાથીની (પીઠ પરનું) પલાણ ગધેડું ક્દિ સહન કરી શકતું નથી”. વ્યક્તિ જેને માટે યોગ્ય હોય તે જ કામ તેને સોંપવું જોઈએ. ભારતીય સમાજની પ્રાચીન ચાતુર્વર્ણ્ય વ્યવસ્થામાં આ જ ભાવના હતી. એનાથી સમાજની વ્યવસ્થા દીર્ઘકાળ સુધી ટકી રહી.

આજે વર્ણવ્યવસ્થામાં અવ્યવસ્થાને કારણે ભારતવર્ષને ઘણું નુકશાન થયું છે અને અવ્યવસ્થા વ્યાપી ગઈ છે. શરીરમાં પ્રત્યેક અવયવ પોતાના ઉચિત સ્થાને જ શોભે છે. હાથની જગ્યાએ પગ હોય અને પગની જગ્યાએ હાથ હોય તો હાથનું કામ ન થાય કે ન તો પગનું કામ થાય. એ જ રીતે હાથનું કામ મસ્તકથી અને મસ્તકનું કામ હાથથી લેવા ઇચ્છીએ તો તે અસંભવ જણાશે. બધા અંગો યથાસ્થાને હોય, એમાં જ શરીરની શોભા અને સુંદરતા છે. બધા અંગો પોતપોતાનું કામ ન કરે તો તેઓ સ્વયં નકામા થઈ જશે.

આ રીતે સમાજ રૂપી શરીરમાં પણ વિભિન્ન વર્ગો કે યોગ્યતાઓ ધરાવતી વ્યક્તિ-

ઓને તેમને યોગ્ય કામ સોંપાવું જોઈએ અને તેમણે પણ પોતાને સોંપાયેલું કામ કરવું જોઈએ. આમ ન થાય તો સમગ્ર સમાજની વ્યવસ્થામાં અંધાધુંધી થઈ જશે. આ વિષયમાં એક ઐતિહાસિક ઉદાહરણ લઈએ....

બાબર અત્યંત મહેનતુ હતો. એક વાર ભારત પર ચડાઈ કરવા છતાં તે વિજય મેળવી શક્યો નહીં, પરંતુ એના મનમાં હિંદુસ્તાનને જીતવાની મહત્ત્વાકાંક્ષા હતી. આ ઇચ્છાથી પ્રેરાઇને બાબરે ઈરાનના બાદશાહને દૂત મારફતે સંદેશો કહેવડાવ્યો.

"બાબર ભારત પર વિજય મેળવવા ઇચ્છે છે. તેને આપની સહાયની જરૂર છે."

ઈરાનના બાદશાહે કહ્યું, "સહાયતા આપવા માટે હું તૈયાર છું, પરંતુ પહેલાં એ કહો કે બાબર પહેલાં હાર્યો કેમ?"

દૂત ઘણો હોશિયાર હતો. તેણે ઉત્તર આપ્યો, "યોગ્ય પદ પર યોગ્ય વ્યક્તિઓને નિયુક્ત ન કરવાથી તેને હાર ખાવી પડી." યોગ્ય બુદ્ધિશાળી વ્યક્તિનું પદ મૂર્ખ લોકોને આપ્યું અને સામાન્ય માણસોના પદ પર એણે બુદ્ધિશાળી માણસોને નિયુક્ત કર્યા હતા. મૂર્ખ મહાન કાર્ય કરી શકતા નથી અને સામાન્ય કામ કરવામાં બુદ્ધિશાળીઓનું ચિત્ત ચોંટતું નહોતું.

આ રીતે બધાં કાર્યોમાં અવ્યસ્થા થવાને લીધે બાબરને પરાજિત થવું પડયું. બાબરને પોતાની ભૂલ સમજાઇ હોવાથી "આ વખતે એવું નહીં થાય." તેમ કહેવરાવ્યું. આથી ઇરાનના બાદશાહે બાબરની મદદે પોતાનું લશ્કર મોકલ્યું. બાબરે ફરીથી ભારત પર ચઢાઇ કરી અને પોતાના વિજયનો ડંકો વગાડ્યો.

આનું તારણ એ કે સમાજમાં જે વ્યક્તિ જેને યોગ્ય હોય તેવું જ કામ સોંપવાથી વ્યવસ્થા જળવાઈ રહેશે અને તેથી સમાજોદ્ધારનું કામ પણ સરળતાથી થશે. સમાજમાં નારીનું સ્થાન ઘણું ઉચ્ચ અને મહત્ત્વપૂર્ણ હતું, પરંતુ જ્યારથી તે નીચી કક્ષાની અને ધૃણાસ્પદ ગણાવા લાગી, ત્યારથી સમાજમાં વિષમતા ફેલાઇ અને તેનું પતન થયું.

### ( ૬ ) દેશ, કાળ, પરિસ્થિતિ જોઇને હિતકર સુધારાનો શુભ સંકલ્પ કરવો :

જમાનો બદલાઇ રહ્યો છે, જો સમાજ જમાના અનુસાર નહીં બદલાય તો જમાનાની તેજ ગતિ તેને પલટી નાખશે. પોતાની ઇચ્છાથી દેશ, કાળ અને પરિસ્થિતિ જોઇને, સમાજના હિતનો વિચાર કરીને, યુગાનુસાર સમાજની પ્રથાઓમાં પરિવર્તન કરવું અને કાળની લપડાકને કારણે બળે બળે વિવશ થઇને પરિવર્તન કરવામાં ઘણું અંતર છે. જેમ એક માણસ ઘોડા પર સવાર થઇને જાય છે અને બીજો માણસ ઘોડાની પૂંછડી સાથે બંધાઇને ઘસડાતો ચાલે છે. લક્ષ્ય પર તો બંને પહોંચે છે, પરંતુ બંનેના ચાલવામાં અને પહોંચવામાં જેવું અંતર છે તેવું જ અંતર આ બંને પરિવર્તનોમાં છે.

એક બિમાર થઇને સૂઇ જાય અને બીજો થાકીને સૂઇ જાય. થાકીને સૂનારો ગાઢ નિદ્રા લઇને સ્ફુર્તિ પ્રાપ્ત કરે છે, જ્યારે બિમારને વિવશ થઇને સૂઇ જવું પડે છે.

આપણામાં આજે પણ પરિવર્તન થઈ રહ્યું છે, પરંતુ તે થાય છે અવિવેકપૂર્વક. પરિણામે સમાજની પ્રથાઓ રીતરિવાજો, નિયમો અને રૂઢિઓ યુગસંદર્ભ વિનાની, દંભ વધારનારી, વિકાસમાં અવરોધરૂપ, અત્યંત ખર્ચાળ, અહિતકર અથવા તો નિરર્થક બની ગઇ છે. દેશ, કાળ, પરિસ્થિતિ વગેરેને જોઇને એને તત્કાળ બદલવાનો કે સુધારવાનો શુભ સંકલ્પ કરવો જોઇએ. પોતાની અહિતકર પ્રથાઓને બદલીને હિતકર પ્રથાઓને પ્રચલિત કરે છે તે જ સમાજ જીવંત કહેવાય અને એ જ ઉન્નતિ તથા પ્રગતિ કરી શકે છે.

સમાજના પાયાના સિદ્ધાંતોમાં કોઇ પરિવર્તન થતું નથી, પરંતુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને પરિસ્થિતિ અનુસાર એના બાહ્ય રૂપમાં પરિવર્તન કરતા રહેવું જોઇએ. આમ થાય તો જ સમાજોદ્ધારનું કામ સતત્ ચાલુ રહે છે. ઋતુ પ્રમાણે પહેરવેશ બદલવા છતાં વ્યક્તિમાં કોઇ પરિવર્તન થતું નથી, એ જ રીતે સમાજમાં સામાજિક પ્રથાઓમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અનુસાર પરિવર્તન થવા છતાં પણ સમાજ તો એનો એ જ રહે છે, બલ્કે સમાજનું જીવન ઉન્નત બને છે. આથી સમાજોદ્ધાર માટે આ તત્ત્વ તો અનિવાર્ય છે. આવા શુભ સંકલ્પોના બળ પર જ સમાજ સુદૃઢ બને છે.

વર્તમાન યુગ ક્રાંતિનો યુગ છે. આ યુગમાં માનવ-જીવનનાં બધાં ક્ષેત્રોમાં ક્રાંતિકારી પરિવર્તન થઇ રહ્યા છે. અસંભવ લાગતી વસ્તુઓ સંભવ થવા લાગી છે. રાજનૈતિક, આર્થિક વગેરે ક્ષેત્રોમાં ક્રાંતિ થઇ રહી છે અને સામાજિક ક્ષેત્ર પણ ક્રાંતિની અસરથી મુક્ત રહી શક્યું નથી. આમ છતાં એમ કહેવું જોઇએ કે સામાજિક ક્ષેત્રમાં સંતોષજનક સુધારા નથી થયા. કેટલીય સામાજિક પ્રથાઓમાં નવા જમાના પ્રમાણે કરાયેલા સુધારા ધર્મની ઉપેક્ષા કરીને કરાયા છે. કેટલીક જગાએ અહિતકર એવા જૂના રીતરિવાજો સાથે ધર્મને એવી રીતે જોડી દેવામાં આવ્યો છે કે લોકો તે કુરિવાજોનો ત્યાગ કરવામાં ખચકાટ અનુભવે છે.

વાસ્તવમાં આ રીતરિવાજોને ધર્મ સાથે કોઇ વિશિષ્ટ સંબંધ નથી, બલ્કે આવા અહિતકર અને સમાજના પછાતવર્ગો માટે ત્રાસદાયક રીતરિવાજોને વળગી રહેવાથી અધર્મ જ થાય છે. જેમ કે અસ્પૃશ્યતાની માન્યતા હરિજનને અડી જવાથી ધર્મ જતો રહે, એ કુરિવાજ કેટલો ભયંકર, યુગવિરોધી અને અસમાનતાના અનિષ્ટને વધારનારો છે. પોતાના મૃત સંબંધીની પાછળ મહિનાઓ સુધી રડવાથી અને છાતી કૂટવાની કુપ્રથા પણ સમાજનું પછાતપણું સૂચવે છે. આવા કુરિવાજોને શોધી શોધીને સમાજમાંથી હકાલપટ્ટી આપવી જોઇએ.

કેટલીક હાનિકારક પ્રથાઓ પાશ્ચાત્ય સભ્યતાના પ્રવાહની સાથે સમાજમાં ક્યાંક ક્યાંક પ્રવેશેલી જોવા મળે છે. જેમ કે લગ્ન પૂર્વે છોકરા-છોકરીના થતા અતિ સંપર્કો. આવી કુપ્રથાઓ ભારતીય સંસ્કૃતિ અને નીતિની વિરૂદ્ધ હોવાથી સમાજમાં ત્યાજ્ય હોવી જોઇએ. આમ સમાજ માટે હાનિકારક, અહિતકર, ખર્ચાળ, વિકાસઘાતક, ભારતીય સંસ્કૃતિ અને નીતિની વિરૂદ્ધ અને યુગથી વિરોધી, વર્તમાન યુગ માટે અનાવશ્યક એવા રીતરિવાજો અથવા તો તદ્દન વ્યર્થ કે વિકૃતયુક્ત કુપ્રથાઓમાં અવશ્ય પરિવર્તન કરવું જોઇએ. [ક્રમશઃ]

# સફળતાની ચાવી

સફળતા માટે પાયાની જરૂર છે એકાગ્રતાની....આપણું મન ચંચળ છે પણ તેને એકાગ્ર કરો. ચિત્તને એક જ વસ્તુ પર સ્થિર કરો. પ્રશ્ન ઉભો થાય ત્યાં કોઇને પૂછતાં શરમ ન અનુભવો. નજર સમક્ષ સફળતાના ફળને લટકતું રાખો. વિજય અચૂક મળશે જ........

પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી
પ. પૂ. આગમપ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી

# જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો

[ હપ્તો ૧૦ મો ]  [ ગુરુ વાણી ભાગ-૧માંથી સાભાર... ]

હવે ધર્મને યોગ્ય બનવાનો બીજો ગુણ-પાંચે ઇન્દ્રિયો સંપૂર્ણ હોય.

એક બાજુ ધર્મ કરતાં હોય અને બીજી બાજુ કડવા શબ્દો દ્વારા બીજાનું કાળજું વીંધી નાખતા હોય આ કેવા પ્રકારનો ધર્મ કહેવો? ધર્મ કરનાર વ્યક્તિ તો કેવો મીઠા બોલો અને સૌમ્ય હોય. જેના અંગોપાંગ સંપૂર્ણ હોય એ માણસ ધર્મને યોગ્ય છે. લૂલા-પાંગળા, ધર્મ તો કરી શકે પરંતુ જે માણસ સંપૂર્ણ અંગોપાંગવાળો હોય અને એ ધર્મ કરે તો એની મજા કોઇ ઓર જ હોય. મહાપુરૂષો ફરમાવે છે કે જ્યાં સુધી જરા આવી નથી ત્યાં સુધી ધર્મ કરી લો. જેમ ધંધો કરવા યૌવનવય ખૂબ જ યોગ્ય છે પણ ધંધો તો એક મામૂલી ચીજ છે. જ્યારે ધર્મ જેવી મહાન ચીજ મેળવવા માટે યૌવનવય જ ખૂબ ઉપયોગી છે. આજે માણસો એમ માને છે કે ધર્મ તો છેક પાછલી અવસ્થામાં કરવાનો હોય. માણસ અત્યારે ધનની જ પાછળ ગાંડો બન્યો છે જ્યારે ધર્મને સાવ ભૂલી ગયો છે. બધા કર્મોમાં વેદનીય કર્મનો વધારે હિસ્સો હોય છે. કેવળજ્ઞાની હોય તેને કાંઇ આખો દિવસ એમ નથી લાગતું કે હું કેવળજ્ઞાની છું. જ્યારે માણસ વેદનીય કર્મ ભોગવતો હોય તેને ક્ષણે ક્ષણે, સમયે સમયે એ કર્મ સાંભરે છે. એક જરા જેટલી જો વેદના શરીરમાં ઉત્પન્ન થાય તો મન એ વેદના સહેવામાં જ રોકાયેલું હોય પછી ભગવાનની ભક્તિ શી રીતે થાય? મોટા ભાગે વૃદ્ધાવસ્થામાં વેદનીય કર્મ વધારે આવે છે. માટે મહાપુરૂષો કહે છે ત્યારે તમારાથી ધર્મ નહીં થાય. જે માણસ કાને બહેરો હોય એ ધર્મતત્ત્વને કેવી રીતે સાંભળી શકે? આંખે ઝાંખપ આવી જાય તો માણસ ભગવાનના દર્શન તથા પુસ્તકનું વાંચન કેવી રીતે કરી શકે? ભોગ એ એક જાતનો રોગ જ છે. તમે રોગને મટાડવાની દવા કરો કે પછી રોગને વધારવાની દવા કરો?

શ્રેણિક મહારાજા ફરવા માટે નીકળે છે. આમ તો ભગવાનની દેશના સાંભળવા જતા હતા. ભગવાનની સેવામાં ઓછામાં ઓછા એક કરોડ દેવો ત્યાં હાજર હોય. ભગવાનને એવો અતિશય હોય છે ગમે તેટલા દેવો હોય પણ ત્યાં સમાઈ જાય. ત્યાં રસ્તામાં એક યુવાન પુરૂષ સાધુનો વેશ અંગીકાર કરીને ધ્યાનમાં ઉભેલો છે. શ્રેણિક મહારાજાની નજર ત્યાં ગઇ. તેથી તેમણે પોતાના વાહનમાંથી ઉતરીને ત્યાં જઇને સાધુ મહાત્માને નમસ્કાર કર્યા. એ કાળની વિશિષ્ટતા કહો કે ગમે તે, પણ ગમે ત્યાં સાધુ મહારાજને જૂએ કે રાજા જેવો રાજા પણ નમી પડતો. શ્રેણિક મહારાજે એમને પૂછ્યું કે ભગવન્ આપે આટલી નાની ઉંમરમાં આ માર્ગ કેમ સ્વીકારી લીધો? સંસાર ભોગવ્યા પછી નીકળવું હતું ને! તમારૂં નામ શું? સાધુ મહારાજ કહે છે-રાજન્ મારૂં નામ 'અનાથિમુનિ' છે. રાજા કહે તમે ક્યાં અનાથ છો? આખા

દેશનો રાજા એવો હું અહીં બેઠો છું પછી તમે અનાથ કેવી રીતે? મુનિ કહે હું એકલો નહીં તમે પણ અનાથ છો. આ સાંભળી રાજા કહેવા લાગ્યા કે મુનિ મહારાજ આપનું કથન સમજાતું નથી. તેથી મુનિએ કહ્યું કે રાજન્! સાંભળો હું પણ એક દેશનો રાજકુમાર છું, યુવાન વયમાં આવ્યો ત્યારે મારા જીવનમાં એક મોટો વ્યાધિ લાગુ પડ્યો. વ્યાધિ દૂર કરવા વૈદ્યો, હકીમો બધા છૂટી પડ્યા. કોઈ ઇલાજ લાગુ પડતો નથી મા-બાપ બધા રડે છે, યુવાન પત્ની રડે છે, પરંતુ મારી પીડામાં ભાગ પડાવનાર કોઈ નથી. બસ તરત જ મને વિચાર આવ્યો કે આ સંસાર અસહાય છે. કોઈ કોઈના દુઃખોમાં ભાગ પડાવી શકતું નથી. જીવે જે કર્મ બાંધ્યા હોય તે તેણે જ ભોગવવા પડે છે. જે કરજ કરે તેણે જ તે કરજ ચૂકવવું પડે છે. મારો કોઈ નાથ નથી. મને વિચાર આવ્યો કે જીવનમાં સાચા નાથ કોણ? જ્યારે આપણને દુઃખ પડે ત્યારે આપણે ભગવાનને સંભારીએ છીએ. **માણસ જીવનમાં ભગવાનને ક્યારે યાદ કરે છે? સૌથી પહેલા કે સૌથી છેલ્લા? જ્યારે કોઈ જ આધાર ન રહે ત્યારે ભગવાનને યાદ કરે છે અને જ્યારે આધિ-વ્યાધિ-ઉપાધિ ટળી જાય એટલે સૌથી પહેલા ભૂલીએ છીએ કોને? ભગવાનને... સંભારીએ છીએ સૌથી છેલ્લા અને ભૂલીએ છીએ સૌથી પહેલા.** માટે જ આપણો ભગવાન સાથે સંબંધ જોડાતો નથી. ચંડકૌશિયો જ્યારે ભગવાનને કરડવા આવે છે ત્યારે પહેલા તો પોતે સામે નજર નાંખે છે, પણ કાંઇ થયું નહીં તેથી સૂર્ય સામે જોઇને નજર નાંખે છે, છતાં તેનાથી કંઇ વળ્યું નહીં. આખરે ડંખ દીધો, પણ ચમત્કાર સર્જાયો. આટલા-આટલા મારવાના ઉપાયો કરનાર પર પણ કેવી કરૂણા? બુજ્ઝ બુજ્ઝ ચંડકૌશિયા-સમજ સમજ ચંડકૌશિક! કેટલા પ્રેમથી એ ઉદ્‌ગારો નીકળ્યા છે કે એક ક્રોધીમાં ક્રોધી-ઝેરીમાં ઝેરી સર્પને પણ થંભાવી દે છે, અને એ ચંડકૌશિયાએ અનશન સ્વીકાર્યું અને સ્વર્ગમાં પહોંચી ગયો. આવા સર્પને પણ સામે જઇને તેમણે તાર્યો. આપણે જો સ્નેહથી તેમની સાથે સંબંધ બાંધીએ તો એ સંબંધને આપણે કદાચ તોડી નાંખશું તો પણ કોઈ દિવસ એ તોડશે નહીં.

મુનિ મહારાજ કહે છે કે મરણ પથારીએ પડ્યા પડ્યા મેં મનમાં સંકલ્પ કર્યો કે જો આ કાયા નિરોગી થઇ જાય તો ભગવાનને સમર્પણ થઇ જાઉં. મરાઠીમાં એક કહેવત છે કે **'સત્યસંકલ્પાચા દાતા ભગવાન આહે'** સંકલ્પ સાચો હોય તો ભગવાન પૂર્ણ કરે છે. ભગવાન તેની મદદે આવ્યા. આત્માની અંદર જ પરમાત્મા વસેલા છે, કાંઇ ભગવાન બહારથી આવતા નથી. વ્યાધિ શાંત પડી ગયો. છ-છ મહિનાના રોગને નષ્ટ થતાં જરાયે વાર ન લાગી.

નિરોગી થયા પછી ઘરના માણસો પાસે રજા માગે છે, અને કહે છે કે હું જાઉં છું. આજે આપણે એક નિયમ પણ અખંડિત પાળી શકતા નથી. આપણે નિયમમાં બાંધ-છોડ કરીએ છીએ તેથી ભગવાન પણ આપણી સાથે બાંધ-છોડ કરે છે. ભગવાનની સાથે સંબંધ બાંધતા જ નથી. મુનિમહારાજનો દૃઢ સંકલ્પ હતો. આપણા જેવો નહીં કે હવે સાજા થઇ ગયા એટલે પતી ગયું. મા-બાપ, સ્ત્રી-પ્રજાજનો બધા સામે આવી ગયા. જવા માટે કોઇ રજા આપતું નથી.

માતા-પિતા-સ્નેહી-સ્વજનોના રોકવા છતાં તે પોતે નીકળીને ભગવાનને સમર્પણ થઇ જાય છે. આમ જ્યારે અંગોપાંગ સંપૂર્ણ હોય. બુદ્ધિ બરાબર કામ આપતી હોય ત્યારે ધર્મ કરી લો. શાસ્ત્રમાં પણ જૂઓ જે મહાપુરૂષો નાની ઉંમરમાં નીકળી પડ્યા છે તે કેવા શાસનના ચમકતા

સિતારા બની ગયા છે. હરિભદ્રસૂરિ મહારાજ, હેમચંદ્રાચાર્ય, હીરસૂરિ મહારાજ, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વિ....

**શ્રાવકની વ્યાખ્યા :**

સંસ્કૃતમાં श्रु નામનો ધાતુ છે. તેને णक् પ્રત્યય લાગવાથી તેની વૃદ્ધિ. श्रु + णक् = श्रौ + अक = શ્રાવક, शृणोति इति श्रावकः. જે હંમેશા જિનવાણી સાંભળે તે શ્રાવક કહેવાય. હંમેશા શા માટે સાંભળવી જોઇએ? માણસને રોગ થાય તો તેણે નિયમિત દવા લેવી જોઇએ. આપણે પણ રાગ, દ્વેષ, કામ, ક્રોધ વગેરે કેટલાય રોગોથી ભરેલા છીએ. **આ બધા રોગોનું ઔષધ છે 'શાસ્ત્ર શ્રવણ.'** ઔષધનું પાન નિત્ય કરવાનું હોય વચમાં ખાડો પાડીએ તો તે કામ ન આપે.

**સાપ નોળિયાની કથા :-**

સાપ અને નોળિયો સામ-સામે આવે ત્યારે બન્ને ખૂબ જ ઝગડે છે. સાપ તેને ડંખ મારે. નોળિયો તેને બચકા ભરે. હવે સર્પ તેને કરડે ત્યારે તે ભાગીને નોરવેલ નામની વનસ્પતિને જઇ સુંઘી આવે છે જે નોળિયો પોતે જ જાણે અને તેને સુંઘી તે પોતાનું ઝેર ઉતારી દે છે. આ રીતે ઝેર ઉતારી પાછો ઝગડવા માટે આવે. આ રીતે વારંવાર ઝગડે છે અને આખરે સર્પને તે મારી નાખે છે.

આપણા શરીરમાં પણ ક્ષણે ક્ષણે ઇન્દ્રિયો દ્વારા ઝેર ચડે છે. કાને સાંભળીએ તો પણ અને આંખે જોઇએ તો પણ ઝેર ચડે. કોઇનું સુખ જોઇએ કે તરત જ આપણા મનમાં લાલસા જાગે. જ્યાં સુધી એવું સુખ મેળવીએ નહીં ત્યાં સુધી જીવનમાં શાંતિ વ્યાપે નહીં. બધું બીજાનું જોઇને આપણને મેળવવાનું મન થાય. પરંતુ કોઇ દિવસ સાધુનો વેશ જોઇને એવો વિચાર આવ્યો કે ક્યારે આપણે સાધુ બની જઇએ? સાધુનું સુખ તો સંસારના સુખ કરતા અનેકગણું વધારે છે. એ સુખની કોઇ દિવસ ઇચ્છા થાય છે. **બધી ઇન્દ્રિયોથી ચડતા ઝેરને દૂર કરવાની એક 'શાસ્ત્ર રૂપી' વનસ્પતિ છે,** જે દરરોજ સાંભળવાથી મોહનું ઝેર કંઇક ઓછું થાય. ન સાંભળો તો જીવનમાં વધારે ને વધારે ઝેર વ્યાપતું જાય છે.

શ્રાવકની બીજી વ્યાખ્યા છે શ્રદ્ધા, વિનય અને ક્રિયા. આ ત્રણ વસ્તુઓ ભેગી થાય ત્યારે શ્રાવક બને છે. અનાથી મુનિની આ વાત સાંભળી કે શ્રેણિક મહારાજને પણ થયું કે હું સાચેસાચ અનાથ છું. બસ બધાનો એક જ નાથ છે **'મહાવીર'.** [ક્રમશઃ]

# શોકાંજલિ

શ્રી ધીરજલાલ અમૃતલાલ શાહ (પંચરત્નવાળા) ભાવનગર મુકામે ગત તા ૨૭-૧૦-૯૮ના રોજ હૃદયરોગના હુમલાના કારણસર દુઃખદ અવસાન પામેલ છે.

તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. સભા પ્રત્યે તેઓશ્રી અત્યંત લાગણી ધરાવતા હતા. તેઓશ્રીના નિખાલસ સ્વભાવના કારણે વ્યાપારી વર્ગમાં પણ તેમની સારી એવી લોકચાહના હતી. ધર્મનું આચરણ તો તેમને પ્રાણ સમુ હતું.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના કુટુંબ-પરિવાર પર આવી પડેલ આ દુઃખમાં સભા ઊંડી સમવેદના પ્રગટ કરે છે.

પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

લિ. શ્રી જૈન આત્માનંદ સભા : ખારગેટ, ભાવનગર

# શત્રુંજયની હારમાળામાં 'કદંબગિરિ' તીર્થનો મહિમા

—હિંમતલાલ શાહ

સૌરાષ્ટ્રની પાવન ભૂમિ ઉપર આવેલ પાલીતાણાના શાશ્વત શ્રી શત્રુંજય મહાતીર્થના પહાડોની પથરાયેલી હારમાળામાં આવેલા જૈન તીર્થોના ઉદ્ધારક અને સ્થાપનાઓમાં શાસનસમ્રાટ્ પૂ. આ. શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ. સાહેબના પુણ્ય પ્રભાવે મંગળ પ્રતિક સમાન 'શ્રી કદંબગિરિ' પ્રભાવિક તિર્થનો ઉદ્ધાર થયો, જ્યાં કામળાઓની વસ્તીવાળા બોદાનાનેસ નામે એક નાનકડું ગામડું હતું. ત્યાં વાવો, ડુંગરો, કોતરો, ગુફાઓ હતી તે પવિત્ર ભૂમિના ભાગ્ય જાગ્યા અને પ્રાચીન તીર્થના સોણલાના સર્જન થયા. તેની સાથે ત્યાં એક નગર બની ગયું જેનો નૈસર્ગીક દેખાવ ભલભલાના ચિત્તને આકર્ષક અને યાત્રિકોને આધ્યાત્મિક ભાવનાની પુષ્ટી મળે, ભક્તિ ભાવ માટેની અલૌકિક આધ્યાત્મિક ભાવનાની પુષ્ટી મળે, ભક્તિ ભાવ માટેની અલૌકિક સ્થાનની ભેટ મળી, દેવવિમાન જેવા જિન મંદીરોમાં દિવ્ય પ્રતિમાઓ પ્રતિષ્ઠીત થયા. ગિરિરાજ ઉપર અનેકવિધ કલાભર્યા દેવાલયોની અદ્ભુત રચના થવાથી આ તીર્થ ખુબ જ રમણીય અને દર્શનીય બન્યું છે. અહીં આવવા માટે આ અગાઉ રોહિશાળા અને ચોક નામે ગામો આવતા હતા પરંતુ શેત્રુંજી ડેમનું આયોજન થવાથી તે ગામો ડુબમાં ગયા તેથી હવે બાજુના ભૂતડીયા, વડાસ, ભંડારીયા ગામથી યાત્રિકોની આવન જાવન થાય છે. આ તીર્થનો મહિમા શાસ્ત્રો દ્વારા જાણવા મળે છે કે પ્રથમ તીર્થંકર રૂષભદેવપ્રભુના પ્રથમ પુત્ર ભરતચક્રવર્તી મહારાજાએ શ્રી નાભગણધરને આ તીર્થનો મહિમા જાણવા ઇંતેજારી બતાવી ત્યારે શ્રી નાભગણધરે તેના ભૂતકાળના પ્રભાવશાળી આ તીર્થની ઘટનાઓથી વિસ્તારપૂર્વક વાકેફ કર્યા હતા. ગઈ ચોવીશીમાં સંપ્રતિ નામે ૨૪ મા તીર્થંકર ભગવંત થયેલા, ત્યારે તેમના કદંબ નામના ગણધર એક ક્રોડ મુનિઓ સાથે આ સ્થાને સિદ્ધીપદને વર્યા હતા તેથી આ તીર્થ કદંબગિરિના નામથી પ્રસિદ્ધ છે. આ પવિત્ર ગિરિરાજની હારમાળામાં અનેક જાતની દિવ્ય ઔષધીઓ અને રસકુપિકા, રત્નની ખાણ સમાન કલ્પવૃક્ષો રહેલા છે. દિવાળીના શુભ દિવસોમાં શુભ મહુરતે કે સક્રાંતી (ઉતરાણના) દિવસોમાં અહીં આવી મંડપવેદીકા બનાવી તેની સ્થાપના કરે છે તેવા જીજ્ઞાસુઓને આ ગિરિના અધિષ્ટાયક દેવો તેમની આરાધના અને તેમની ભક્તિના બળે અનેકવિધ ઔષધિઓ અને રસકુંપીકાઓ મેળવી આપી પ્રસન્ન થાય છે. સર્વસિદ્ધિના સ્થાનભૂત આ કદંબગિરિ તીર્થ ખરેખર ખુબ પ્રભાવશાળી વર્તાય છે. વિધિપુર્વક આ ગિરિરાજના સ્થાને આવી સાધના કરનારને કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણી પ્રાપ્ત કરે છે. આ તીર્થની ઔષધિઓ અમૃત સમાન કહેવાય છે, અહીં સદાકાળ છાયા વૃક્ષો ઇચ્છીત ફળ આપે છે. આ મહિમાવંતા ગિરિરાજ ઉપર ભરત ચક્રવર્તી મહારાજાએ અનેક વૃક્ષોથી વ્યાપ્ત થયેલા ધર્મ નામના ઉદ્યાનમાં ભાવિમાં થનાર વર્તમાન ચોવીશીના ૨૪ મા તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામી પરમાત્માનું અલૌકિક પ્રાસાદ બંધાવી તેમાં પરમાત્મા શ્રી મહાવીરની દિવ્ય પ્રતિમાને પ્રતિષ્ઠીત કર્યા હતા, ત્યારબાદ તે ભૂમિ ઉપર અનેક જિન ચૈત્યોના સર્જન થયા છે,

જેથી આ તીર્થનો મહિમા દિન પ્રતિદિન વૃદ્ધી પામી રહ્યો છે જેથી શત્રુંજય ગિરિરાજના પાંચ શિખરોને શાસ્ત્રોમાં પ્રભાવશાળી વર્ણવ્યા છે (૧) શ્રી તાલધ્વજગિરિ–તળાજા (૨) શ્રી લોહિત્યગિરિ (૩) શ્રી કોટિનિવાસગિરિ (૪) શ્રી કદંબગિરિ (૫) શ્રી ટંકગિરી. નિર્મળ, ચમત્કારી અને લબ્ધિઓથી ભરેલું છે. તેની દિવ્ય ઔષધિઓ સર્વ રોગોનો નાશ કરનારી છે અને પાપરૂપી પર્વતને ભેદવામાં આ ગિરિરાજ વજ્ર સમાન છે. આ અવસર્પિણી કાળના જીવોના ઉપકાર અર્થે પ. પૂ. આચાર્યદેવ શ્રી ધનેશ્વરસૂરીજી મ. સાહેબે આ ગિરિરાજનો મહિમા શત્રુંજય મહાત્મ્યના ગ્રંથમાં વિસ્તાર-પુર્વક વર્ણવેલ છે. વિ. સંવત ૧૧૫૮માં પ. પૂ.આ.દેવ શ્રી ભદ્રસૂરી મ. સાહેબે પ્રાકૃત ભાષામાં અનેક જાતના પ્રભાવિક ઉલ્લેખોનું વર્ણન કરેલ છે. આ ભૂમિ ઉપર લાલ દુધવાળા થોરના વૃક્ષો છે તેની પણ વિધિપૂર્વક મંત્ર સાધનાથી અને પ્રયોગોવડે સુવર્ણ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. વર્તમાન કાળમાં દિવ્ય ઔષધિઓમાં સંરોહણી અને બ્રહ્મ-દંડિકા આદિ ચમત્કારી ઔષધિઓ વિદ્યમાન છે. આ તીર્થની તલેટીમાં ૭૨ દેવકુલિકાઓ યુક્ત શ્રી મહાવીરસ્વામીનું ભવ્ય જિનાલય છે. તેના પ્રવેશદ્વારે કલામય હાથીઓ, પૂ.પાદ શાસનસમ્રાટ્ આ. શ્રી વિજય નેમિસૂરીજી મ. સાહેબની પુરા કદની પ્રતિમા બિરાજમાન કરેલ છે અને યાત્રિકોની સુવિધા માટે વિશાળ ધર્મશાળા અને ભોજનશાળાની વ્યવસ્થા શ્રી જિનદાસ ધર્મદાસની પેઢી દ્વારા કરવામાં આવેલ છે.

[ ગુજરાત સમાચાર દૈનિક તા. ૧૮–૬–૯૮ના તીર્થાટન વિભાગમાંથી સાભાર.... ]

# અતિ પ્રસિદ્ધિ પણ એક દોષ છે....



શાસ્ત્રોમાં જે ૧૦૮ પ્રકારના દોષો ગણાવ્યા છે, તેમાં અતિ પ્રસિદ્ધિ પણ એક મોટો દોષ છે. માણસના સારા કામોની પ્રસિદ્ધિ થાય તેમાં કશું ખોટું નથી કેમ કે તે દ્વારા બીજા લોકોને તેવા કામો કરવાની પ્રેરણા અને પ્રોત્સાહન મળે છે. પણ માણસનું કામ ગૌણ બની જાય અને કેવળ તેના નામના જ રોજ ઉઠીને ઢોલ–નગારા પિટાતા રહે તો તેનાથી સમાજનું કશું જ હિત થવાનું નથી.

પ્રસિદ્ધિ માનવીના આંતરિક શત્રુની ગરજ સારે છે, જેથી સાચા સાધકો-સેવકો તેનાથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે. પ્રસિદ્ધિની ભૂખ આપણી આત્મસંપત્તિને લૂણો લગાડ્યા વગર રહેતી નથી, જેથી પ્રસિદ્ધિથી દૂર એ દોષોથી પણ દૂર....

# પ.પૂ.પં. શ્રી અભયસાગરજી મ.સા.ના અજબ અનુભવો

લેખક : પ.પૂ.ગણિવર્ય શ્રી મહાયશસાગરજી

આગમ વિશારદ, સુવિશુદ્ધ સંયમી, પૂજ્યપાદ પંન્યાસ પ્રવર શ્રી અભયસાગરજી મ. સા. વર્તમાનકાળના નવકાર મહામંત્રના ઉત્તમ કોટિના સાધકો પૈકી એક હતા. તેઓ દરરોજ રાત્રે ૧૧।। થી ૧।। સુધી નવકાર મહામંત્રની સાધના કરતા હતા. પરિણામે તેઓશ્રીને ઘણા વિશિષ્ટ આંતરિક અનુભવો થતા. કેટલીક વાર ભવિષ્યમાં બનનાર ઘટનાનો પણ તેઓશ્રીને અગાઉથી ખ્યાલ આવી જતો. અહીં તેમના જીવનના થોડા પ્રસંગો રજુ કરૂં છું, જે વાચક વૃંદને મહામંત્ર પ્રત્યે અતૂટ શ્રદ્ધા જગાડનાર બનશે.

એક વખત તેઓશ્રી પોતાના પિતા ગુરુદેવ ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ. આદિ મુનિવૃંદ સાથે કપડવંજથી બાલાસિનોર થઇને પંચમહાલ જિલ્લામાં જતા હતા ત્યારે બાલાસિનોરમાં રાત્રે નવકારની સાધના દરમ્યાન તેઓશ્રીને આંતર-સૂચન મળી ગયું કે 'ગોધરા સળગી ઊઠશે માટે આગળનો વિહાર મુલતવી રાખો....' તેમણે આ વાત પોતાના ગુરુદેવને કહી અને તેઓ ટીંબા ગામમાં રોકાઇ ગયા. ત્યાં જ તેમને સમાચાર મળ્યા કે 'કોમી હુલ્લડના કાર ગોધરામાં ચોમેર ભયંકર આગની આતશબાજી ખેલાઇ રહી છે!' ખરેખર, મહામંત્ર-માતા પોતાના બાળકનું રક્ષણ કરે તેથી પણ અધિક કાળજીપૂર્વક સાધકનું સર્વ રીતે રક્ષણ કરે છે. જરૂર છે શ્રદ્ધાપૂર્વક તેને સમર્પિત થવાની !.... જરૂર છે નિયમિત રીતે અનન્ય શરણભાવે એ માતાની ગોદમાં આળોટવાની !....

* * *

સં. ૨૦૨૭માં ઊંઝા સંઘના આગ્રહથી તેઓશ્રીનું ચાતુર્માસ ઊંઝામાં નક્કી થયું હતું. ચાતુર્માસ પ્રવેશ માટે અમદાવાદથી વિહાર કર્યો. પણ રસ્તામાં જેઠ વદ ૩૦ ના રીક્ષા સાથે તેમનો અકસ્માત થયો. પગમાં ફ્રેકચર થઈ ગયું. છતાં આત્મબળથી ૧।। કિ.મી. પગે ચાલીને વૈદ્યરાજ પાસે પહોંચ્યા. તેમણે ૧૮ દિવસનું પ્લાસ્ટર બાંધી આપ્યું અને વિહાર ન કરવા ભારપૂર્વક જણાવ્યું. પરંતુ તેઓશ્રી રાત્રે નવકાર મહા-મંત્રની સાધનામાં સ્થિર થયા અને અજબનો ચમત્કાર સર્જાઇ ગયો. પાટો-ખપાટિયા બધું જ અદૃશ્ય થઈ ગયું. તે સાથે દર્દ પણ ગાયબ થઈ ગયું. જાણે કશું જ બન્યું ન હોય તેમ બીજે જ દિવસે તેઓશ્રીએ ઊંઝા તરફ વિહાર કર્યો અને સમયસર ચાતુર્માસ પ્રવેશ પણ થઇ ગયો !

* * *

સામાન્યતઃ બીજા કે છેવટે ત્રીજા 'હાર્ટ એટેક' પછી કોઇપણ દર્દી જીવંત રહી શકે જ નહિ એમ ડોક્ટરોનું માનવું છે. પરંતુ તેઓ-શ્રીએ મહામંત્રની સાધના દ્વારા ચાર-ચાર હાર્ટ એટેક આવવા છતાં પણ મૃત્યુ સામે ટક્કર ઝીલીને ડોક્ટરોને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા હતા !.... ૪થા હાર્ટ એટેક પૂર્વે તેઓશ્રીએ નવકાર સાધના દ્વારા મળેલી અગમચેતી મુજબ શિષ્યવૃંદને કહી દીધું કે 'મને ૭૨ કલાક સુધી જગાડવાની બિલકુલ કોશિષ કરશો નહિ. કોઇપણ પ્રકારની દવા કે ઈંજેકશન આપશો નહિ. એટલું જ નહિ પણ મારા શરીરને અડશો પણ નહિ.... અને તેઓ

જાણે કે બેશુદ્ધ થઇ ગયા! (કે નવકાર મૈયાની ગોદમાં આળોટી ગયા!) અને બરાબર ૭૨ કલાકે તેઓ સ્વયં ભાનમાં આવી ગયા ત્યારે તેઓ સંપૂર્ણપણે સ્વસ્થ હતા!.... ડોક્ટરો પણ આ જોઇ મોંમાં આંગળા નાખી ગયા!

*  *  *

એક વખત રાણકપુરના જિનમંદિરમાં પ્રભુ-દર્શન કરતાં તેઓશ્રીને એકાએક આખા જંબૂદ્વીપનાં દર્શન થયાં અને આંતરસૂચના મળી તે મુજબ તેઓશ્રીના માર્ગદર્શન મુજબ પાલીતાણામાં તલેટી પાસે આગમમંદિરની પાછળ વિશાળ જંબુદ્વીપનું નિર્માણ થયું છે. જૈન આગમોના કથન મુજબ પૃથ્વી સૂર્યની કે પોતાની ધરીની આસપાસ ફરતી નથી, પરંતુ સૂર્ય–ચંદ્ર જંબુદ્વીપના કેન્દ્રમાં રહેલ મેરુ પર્વતની આસ-પાસ ફરે છે, તેનાથી ઋતુઓનું પરિવર્તન, દિવસ–રાત આદિ ગણિતબદ્ધ રીતે થયા કરે છે. આ બાબત પ્રેક્ટીકલ રીતે સાબિત કરીને વિજ્ઞાનવાદમાં અંજાયેલી નવી પેઢીને ધર્મ પ્રત્યેની અશ્રદ્ધાથી ઉગારી લેવા માટે તેઓશ્રીએ નવકાર દ્વારા મળેલી આંતરસૂચના મુજબ જંબુદ્વીપ યોજનાનું નિર્માણ કરાવ્યું છે. ત્યાં ભવ્ય જિન-મંદિર પણ શાસ્ત્રાનુસારી વિધિપૂર્વક બંધાવ્યું છે.

સં. ૨૦૪૧માં ઉપરોક્ત જિનમંદિરની પ્રતિષ્ઠા ફા. સુ. ૯ની નક્કી થયેલ. પરંતુ પ્રતિષ્ઠાના ત્રણ દિવસ અગાઉ તેમના પગ પર વજનદાર પેટી પડતાં પગમાં ફેક્ચર થઇ ગયું. પગમાં ખુબ સોજા થઇ ગયા. ભાવનગરનાં ડોકટરે તેમને ટ્રીટમેન્ટ માટે ભાવનગર આવવાનો આગ્રહ કર્યો. ૯ સાધુઓ પાટ પર બેસાડીને દવાખાનામાં લઇ ગયા. પરંતુ મહામંત્રની સાધનાના બળે તેઓશ્રી ત્રીજે જ દિવસે પગે ચાલીને પ્રતિષ્ઠા પ્રસંગે પહોંચી ગયા અને પ્રતિષ્ઠા કરાવી. ફા. સુ. ૭નાં પગે ચાલીને આદપર ગામે ગયા. ત્યાંથી ગિરિરાજ પર ચડી યાત્રા કરી. ફા. સુ. ૮નાં આગમમંદિર પાછા આવી ગયા. !!!

આ રીતે પં. શ્રી અભયસાગરજી મ.ના અવનવા અનુભવોની પ્રસાદી રજૂ કર્યા પછી હવે મારા બે અનુભવો અહીં જણાવું છું.

સં. ૨૦૨૧ની સાલમાં અમે રાજસ્થાનમાં નાકોડાજી તીર્થની યાત્રાએ જઇ રહ્યા હતા. પણ રસ્તો ભૂલી ગયા અને સંજોગોવસાત્ અન્ય સાધુઓથી પણ છૂટા પડી જવાયું. ચારે બાજુ રેતીનું રણ હતું. ઉપર આકાશ અને નીચે ધરતી હતી! પક્ષી કે ઝાડનું પણ નામ–નિશાન નહિ.

**છેવટે એક ટેકરા પર બેસી આંખો મીંચી ભાવપૂર્વક નવકાર તથા ઉવસ-ગ્ગહરંનો વારાફરતી જાપ કર્યો.** થોડી વાર બાદ આંખો ખોલીને જોયું તો લગભગ ૫ માઇલ દૂર એક મુસાફર સાંઢણી પર બેસીને જતો દેખાયો. મેં દાંડા સાથે કપડું બાંધીને ઊંચુ કર્યું. તે જોઇને માત્ર–દશેક મિનિટમાં જ તે ૬ ફૂટ ઊંચો પઠાણી બાંધાનો મુસાફર ત્યાં આવી પહોંચ્યો અને રસ્તો બતાવ્યો. ક્ષણ વાર પછી મેં પાછળ જોયું તો તે અદૃશ્ય થઇ ગયો હતો....

*  *  *

ઇ. સ. ૧૯૫૮માં હું ૧૬ વર્ષની ઉંમરનો ગૃહસ્થ અવસ્થામાં હતો. ત્યારે મેટ્રીકની પરીક્ષામાં ૪ ફૂલસ્કેપનું અંગ્રેજી પેપર જોઇ હું એકદમ મુંઝાઇ ગયો. આમેય મારું અંગ્રેજી ખૂબ કાચું હતું. છેવટે હું આંખો બંધ કરી અને નવકાર તથા ઉવસગ્ગહરં વારાફરતી ગણવા લાગ્યો. આમ પણ વડિલોની પ્રેરણાથી રોજ ૧ માળા તો અચૂક ગણતો હતો....અને ત્યાં ચમત્કાર સર્જાયો! **જાપ કરતાં કરતાં બંધ આંખે ફિલ્મની જેમ પ્રશ્નોના જવાબ દેખાવા લાગ્યા** અને તેથી ઉત્સાહમાં આવીને મને જેટલા ઉત્તરો યાદ રહ્યા તે જવાબ લખ્યા અને આશ્ચર્ય સાથે મને ૫૦ ટકા માર્ક્સ પ્રાપ્ત થયા...!

પં. શ્રી અભયસાગરજી મ. ના અનુભવો પૈકી નં. ૩ તથા ૪ની ઘટનાઓ અમોએ પાલીતાણામાં શ્રીમુખે પણ પ્રસંગોપાત સાંભળી હતી. ફરી ગયા વર્ષે મુંબઇ–મલાડમાં પૂ. ગણિવર્યશ્રી મહાયશસાગરજી મ.સા. પાસેથી આ બધી ઘટનાઓ સાંભળી. તેનાં સારાંશ અત્રે ટૂંકમાં રજૂ કરવામાં આવ્યા છે.

卐

[ જેના હૈયે શ્રી નવકાર, તેને કરશે શું સંસાર" પુસ્તકમાંથી સાભાર....

# સાભાર સ્વીકાર



- રત્નત્રયી ટ્રસ્ટ–મુંબઇ તરફથી "યાત્રા, પરિધિથી કેન્દ્ર તરફ" લેખક આ. શ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા. નકલ–૧
- રત્નત્રયી ટ્રસ્ટ–મુંબઇ તરફથી "યાત્રા, રણથી જળ તરફ" લેખક આ. શ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા. નકલ–૧
- શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર સંઘ–અમદાવાદ તરફથી 'શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર' ( છંદના નામ ઉલ્લેખ સાથે ) નકલ–૧
- રત્નત્રયી ટ્રસ્ટ–મુંબઈ તરફથી નીચે 'મુનિ! તારી ભક્તિ ન્યારી' લેખક આ. શ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા. નકલ–૧
- શ્રીયુત ભરતકુમાર સી. શાહ–અમદાવાદ તરફથી નીચે મુજબના ૧૮ પુસ્તક ( ૧ ) ગુણવર્મા ચરિત્રમ્ ( અચલ ગચ્છાચાર્ય શ્રી માણિકયસૂરિ રચિતમ્ ( ૨ ) શ્રી સ્નાત્ર પૂજા કથા સંપાદક મુનિરાજ શ્રી સર્વોદયસાગરજી મ. સા. ( ૩ ) શ્રી વિલેપન પૂજા કથા સંપાદક મુનિરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ. સા. ( ૪ ) શ્રી વસ્ત્ર પૂજા કથા પ્રકાશક શ્રી ચારિત્રરત્ન ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ ( ૫ ) વાસક્ષેપ પૂજા કથા ( ૬ ) શ્રી પુષ્પ પૂજા કથા ( ૭ ) શ્રી માલ્ય પૂજા કથા ( ૮ ) શ્રી વર્ણક પૂજા કથા ( ૯ ) શ્રી કર્પૂર પૂજા કથા ( ૧૦ ) શ્રી ધ્વજા રોહણ પૂજા કથા ( ૧૧ ) શ્રી આભૂષણ પૂજા કથા ( ૧૨ ) શ્રી પુષ્પ ગૃહ પૂજા કથા ( ૧૩ ) શ્રી પુષ્પ પ્રકર પૂજા કથા ( ૧૪ ) શ્રી અષ્ટ મંગલ પૂજા કથા ( ૧૫ ) શ્રી ધૂપ પૂજા કથા ( ૧૬ ) શ્રી ગીત પૂજા કથા ( ૧૭ ) શ્રી વાદ્ય પૂજા કથા ( ૧૮ ) શ્રી નાટક પૂજા કથા.
- પૂ. આ. શ્રી અભયદેવસૂરીશ્વરજી મ સા.–પાલીતાણા તરફથી 'ચાલો નવપદ આરાધના' તથા 'શ્રી બૃહદ્ યોગ વિધિ' સંપાદક શ્રી રત્નચંદ્રવિજયજી ગણિ

( અનુસંધાન ટાઇટલ પેઇજ ૨ થી શરૂ )

સુલતાને કાજીને બોલાવ્યા અને કહ્યું, 'ક્યાંય પણ કશી ગેરરીતિ થતી દેખાય તો કડક પગલાં લો. કોઇપણ વેપારી કાંઇ પણ ખોટું કરતાં પકડાય તો કશી જ શેહ-શરમ રાખ્યા વગર તેને આકરી સજા ફટકારો....'

કાજી તો સુલતાનનો આદેશ લઇને ઉપડ્યા. રાજ્યમાં ઠેર ઠેર ઢંઢેરો પણ પીટાવ્યો કે ગેરરીતિ આચરનાર વેપારીને જાહેરમાં સખત સજા કરવામાં આવશે....

પણ વેપારીઓ અને કાજી વચ્ચે તો વર્ષોના સંબંધ હોય....લેણ-દેણના 'વ્યવહારો' હેઠળ વેપારીઓની લુચ્ચાઇ દબાઇ ગઇ.

સુલતાનને સંતોષ ના થયો. તેને લાગ્યું કે કદાચ આ કાજી ફૂટી ગયો હોવો જોઇએ. ઇન્સાફ કરનાર પોતે જ જ્યારે ગુમરાહ બને ત્યારે જગતની ભારે દુર્દશા થાય છે. છેવટે સુલતાને બીજા એક નાયબ કાજીની નિમણુંક કરી.

નવા નાયબ કાજી નવયુવાન હતા. ઉત્સાહી, સત્યનિષ્ઠ અને બાહોશ પણ હતા.

નવા નાયબ કાજીએ વેપારીઓને તાકીદ કરતો ઢંઢેરો પીટાવ્યો.

વેપારી આલમ ફફડી ઊઠી. કેટલાક તો ભયના માર્યા જ સીધા માર્ગે આવી ગયા. નવા કાજી સિપાઇઓને લઇને બજારમાં નીકળી પડ્યા. એક એક દુકાનમાં જદંને જાત તપાસ કરવા લાગ્યા.

એક વેપારી નિરાંતે નિશ્ચિંત મુદ્રામાં બેઠો હતો.

નવા કાજીએ એ વેપારીની દુકાનમાં પ્રવેશ કર્યો. વેપારી ક્ષણભર નવા કાજીને તાકી રહ્યો અને ધીમા સ્વરમાં પૂછ્યું :

'મારી દુકાનમાં પણ તપાસ કરવી પડશે ?' 'હાસ્તો !' નવા કાજીએ બેફિકરાઇથી કહ્યું.

'પણ મેં તો કાજી સાહેબની સાથે "વ્યવહાર" સમજી લીધો છે !'

'એમ ! નવા નાયબ કાજીએ કરડાકી દાખવી અને પછી તરત સિપાઇઓને કહ્યું, 'જાઓ, દુકાનનો ખૂણેખૂણો ફેંદી વળો. ક્યાંય કશો ખોટો વ્યવહાર જણાય તો જાણ કરો.'

વેપારીને થયું કે નવા નાયબ કાજી માત્ર દેખાવ પૂરતો રોફ મારે છે. મારી દુકાન સામે તો એ શું કરવાના ? પણ ત્યાં તો દુકાનમાંથી કાજી સાહેબે ખોટા કાટલાં અને ભેળસેળવાળું અનાજ વગેરે પકડી પાડ્યું. સૈનિકો દ્વારા એ બધું કબજે કર્યું. વેપારી મૂંઝાઇ ગયો....

'સાહેબ, કાંઇક તો વિચારો !' "કાયદા આગળ સૌ સમાન છે".

પણ તું તો.... મારો સગો દીકરો છે....'

'હા, પિતાજી ! તમે મને આશીર્વાદ આપો કે ન્યાયના પંથે ચાલતી વખતે મારા ચરણ ડગમગે નહિ, નીતિ આગળ કોઇપણ નાતો ગૌણ બની જાય છે.... હું કોઇપણ ભોગે સત્યને જ વફાદાર રહું તેવા મને આશીર્વાદ આપો' 'દીકરા....!' વેપારીનો સ્વર ઢીલો પડી ગયો.

નાયબ કાજીએ ન્યાય પ્રમાણે થતું હતું એમ જ કર્યું. પિતાજીને મોટી રકમનો દંડ કર્યો અને જાહેરમાં એક સો કોરડાની સજા ફટકારી !

કોરડાનો માર ખાતાં ખાતાં વેપારી બેહોશ બનીને ઢળી પડ્યો. કાજીએ પોતાના બન્ને હાથે તેમને ઊંચકીને ઘેર પહોંચાડ્યા. તેમનું હૈયું દુભાતું હતું અને કહેતું હતું :

'પિતાજી ! ન્યાય અને નીતિમાં નિષ્ઠા ચૂકે તે નર નહિ, નરાધમ ગણાય. મારે તમને સજા કરવી પડી એનું જેટલું દુઃખ છે એટલું જ મને ગૌરવ પણ છે.. કે મેં બાપ-દીકરાના વ્યક્તિગત સંબંધની પણ શેહશરમ રાખી નથી....!' આજે આવી નિષ્ઠાવાળા લોકો કેટલા ?

જે રાષ્ટ્ર નીતિ ચૂકે તેનું પતન નિશ્ચિત સમજવું. નીતિ વગર તો વ્યક્તિ હોય કે પછી સમાજ હોય, તેનો ઉદ્ધાર કોઇ અવતારી પુરુષ પણ નથી કરી શકતો !

---

[લેખક શ્રી લક્ષ્મીચંદભાઇ છ. સંઘવીના પુસ્તક 'દૃષ્ટાંત રત્નાકર'માંથી જનહિતાર્થે સાભાર....]



## તૃષ્ણાથી ચેતો....

महाविशाल तृष्णास्यं पूर्यते,
तद् यथा यथा-।
अर्थैः प्रभूतैरप्यर्घ्यैः स्फारितं,
स्यात् तथा तथा ।।

卐

તૃષ્ણાનું મોઢું બહુ મોટું છે. એને મહામૂલ્ય ઘણી ઘણી ચીજોથી પણ જેમ જેમ પૂરવામાં આવે તેમ તેમ તે વધુ ને વધુ ફાટતું જાય છે-પહોળું થતું જાય છે.

卐

The mouth of avarice is extremely gigantic. The more it is filled even with valuable numerous things, the more it is widened.

પ્રતિ,

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર